મે. રાજકોટના સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની મ્યુનિસીપલ કોર્ટમાં, રાજકોટ

ક્રીમી. કેસ નં– ૩૬૪૭૩/૨૦૨૫
આંક –

ફરીયાદી – નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી – રાજેશભાઈ લક્ષમણભાઈ રાઠોડ
રહે.રાજકોટ

ગુનો – પ્રોહી. એકટની ક.૬૬.૧.બી. અને એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબ...

–ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે કેફી પીણુ પી જાહેરમાં પોતાનુ વાહન ચલાવતા પકડાઇ જઇ પ્રોહી. ની ક.66.1.બી, એમ.વી.એકટ–185 મુજબના ગુનાઓ કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આજરોજ આરોપીએ ગુનો કબુલ કરવાનુ જણાવી પુરસીસથી જાહેર કરેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાનુ જણાવતા આરોપીને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને તે મતલબની પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. પ્રોહી. ક.66.1.બીમાં છ મહિના સુધીની અને એક હજાર સુધી દંડની જોગવાઇ છે, આમ હાલના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ છ મહિના સુધી સજા કરી શકાય તેમ છે અને રૂ.1/– થી રૂ.1000/– સુધીનો દંડ કરી શકાય તેમ છે. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, જુનો કેસ અને તેનો સમરી પ્રકાર જોતા તેમજ આરોપીની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને યોગ્ય તે દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// હુકમ ///

- આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૭૫ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૬.૧.બી મુજબનો ગુનો કરવા બદલ દોષીત ઠરાવી રૂ.૧૦૦/– નો દંડ અને એમ.વી.એકટની કલમ–૧૮૫ મા રૂ.૧૦૦/– નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવા આવે છે. આરોપીને કુલ રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૩–૯–૨૦૨૫
સ્થળઃ રાજકોટ.

(કમલેશકુમાર રમેશભાઇ ગાગનાણી)
જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.,
મ્યુનિસિપલ કોર્ટ, રાજકોટ.